ક્રમાંક: કવટ/આઇએસસી-૭/ભરતી/૨૦૧૮/૯-૯-૫૯-
૯-૯ ૧૫
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી
બ્લોક નં.૧૨/૨,
ડૉ. જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર
તા. ૨૧.૦૪.૨૦૧૮

પ્રતિ
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત (સંબંધિત)

**વિષય** : બિન શૈક્ષણિક જગ્યાઓની ભરતી અન્વયે ઇન્ટરવ્યુ માટે તારીખ ફાળવવા બાબત

શ્રીમાન

ઉકત વિષય અન્વયે જણાવવાનું કે રાજયની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં ખાલી પડેલ બિન શૈક્ષણિક જગ્યાઓ- જુનિયર કલાર્ક તથા લેબ. આસી. ની ભરતી સબબ આપવામાં આવેલ એન.ઓ.સી. બાદ સંસ્થા તરફથી આપવામાં આવેલ જાહેરાત અન્વયે મળેલ અરજીઓ અનુસંધાને આગળની કાર્યવાહી સબબ આ સાથે સામેલ નિયત ચેકલીસ્ટ અનુસાર એન.ઓ.સી. મેળવેલ કોલેજોએ રાજય સરકાર/યુનિવર્સિટીના ઓર્ડિનન્સ મુજબ ભરતી કાર્યવાહી કરવાની થતી હોઇ આ ઇન્ટરવ્યુ પ્રક્રિયા માટે તાત્કાલિક સરકારી પ્રતિનિધિનું નામ તેમજ ઇન્ટરવ્યુની તારીખ મેળવી લેવા દરખાસ્ત મોકલી આપવા જણાવવામાં આવે છે.

તેમજ અરજીના સંદર્ભમાં જગ્યા ભરવા માટે સંસ્થા દ્વારા નિયમોનુસારની પધ્ધતિ અનુસરવાની રહેશે તથા પસંદગી સમિતિ નક્કી કરવાની પ્રક્રિયા સંબંધિત યુનિવર્સિટી પાસેથી લેખિતમાં મેળવી રજુ કરવાની રહેશે.

વધુમાં જે કોલેજો દ્વારા આ અગાઉ ઇન્ટરવ્યુની તારીખ માટે રજુ કરવામાં આવેલ દરખાસ્તો તેઓએ પણ નિયત ચેકલીસ્ટ અનુસાર નવેસરથી દરખાસ્ત રજુ કરવાની રહેશે.

બિડાણ : નિયત ચેકલીસ્ટ

સંયુકત શિક્ષણ નિયામક
ગુ.રા.,ગાંધીનગર

Scanned by CamScanner

**બિન શૈક્ષણિક જગ્યાઓ- જુનિયર કલાર્ક તથા લેબ. આસી. ની ભરતી અન્વયે ઇન્ટરવ્યુ પ્રક્રિયા માટે રજુ કરવાની વિગતોનું ચેકલીસ્ટ**

| ક્રમ | બાબત | પાન નંબર |
|---|---|---|
| ૧ | એન.ઓ.સી.ની નકલ | |
| ૨ | જાહેરાત આપેલ વર્તમાનપત્રોની નકલ (અસલમાં) | |
| ૩ | જાહેરાત અન્વયે આવેલ અરજીઓની યાદી (લાયકાત/ટકા/અનુભવ વિગેરેની માહિતી સાથે) | |
| ૪ | જાહેરાત/નિયમો મુજબ લાયકાત ધરાવતાં ઉમેદવારોની યાદી | |
| ૫ | લાયક ઉમેદવારોની યાદીનું આચાર્યશ્રીનું પ્રમાણપત્ર | |
| ૬ | લાયકાતના સંદર્ભમાં બધા ઉમેદવારોની સંકલિત યાદી (પત્રક માં બોર્ડ/યુનિવર્સિટીનાં નામ સાથે ) | |
| ૭ | જે જગ્યા માટે ઇન્ટરવ્યુ કરવાનો હોય તે કોલેજ જે યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી હોય તે યુનિવર્સિટીના તે જગ્યા માટેના લાયકાતના ધોરણો દર્શાવતા ઓર્ડિનન્સની નકલ | |
| ૮ | સીસીસી પરીક્ષા પ્રમાણપત્ર અંગે ના આધારો | |
| ૯ | આ જગ્યા માટે કોઇ કોર્ટ મેટર પેન્ડીંગ નથી તેવું આચાર્યશ્રીનું પ્રમાણપત્ર | |
| ૧૦ | અન્ય | |

Scanned by CamScanner